આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૦૩ | ૨૩ જૂન, ૨૦૧૪, સોમવાર; જેઠ વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# જિલ્લાઓમાં પણ ૧૦૦ દિવસનો એજન્ડા

## ૨૦ ઓગષ્ટ સુધી તેનો અમલ કરી પ્રગતિ અહેવાલ આપવા તાકીદ કરાઈ : પ્રજાભિમુખ કામોને અગ્રતા આપવા તાકીદ

ગાંધીનગર, તા. ૨૨

રાજ્ય સરકારે ૧૦૦ દિવસની કાર્યયોજના તૈયાર કરવાના દરેક વિભાગોને આદેશ આપ્યા બાદ હવે, જિલ્લા વહીવટીતંત્રોને પણ ૧૦૦ દિવસની કાર્યયોજના તૈયાર કરવા માટે જણાવવામાં આવ્યું છે.

જિલ્લાઓને અપાયેલ સૂચનાઓ મુજબ જિલ્લાકક્ષાના કામો તેમજ તંત્રને વધુ લોકાભિમુખ બનાવવા માટેના મુદ્દા સમાવી કાર્યયોજના તૈયાર કરવા જણાવાયું છે. રાજ્યના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા આ સૂચનાઓ જારી કરવામાં આવી છે.

મળતી વિગતો મુજબ વિકાસના કામોનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચે તે હેતુને ધ્યાને રાખી આ સૂચનાઓ જારી કરવામાં આવી છે. જેમાં એ.ટી.વી.ટી. અને કલસ્ટરના વિકાસ કામો પર વિશેષ ભાર મુકવામાં આવ્યો છે.

સામાન્ય વહીવટ વિભાગે આપેલી સૂચનાઓ મુજબ દરેક જિલ્લા વહીવટીતંત્રએ ૧૦૦ દિવસની તેમની કાર્યયોજનાના મુદ્દાઓની સમીક્ષા જિલ્લા કલેક્ટરે કરવાની રહેશે તેમજ તેનો માસિક પ્રગતિ અહેવાલ પણ મોકલવાનો રહેશે. ૨૦ ઓગષ્ટ સુધીમાં આ યોજનામાં કેટલી સફળતા મળી તેનો વિગતવાર અહેવાલ મોકલવાનો રહેશે તેની કડક તાકીદ કરવામાં આવી છે.

૧૦૦ દિવસની કાર્યયોજના તૈયાર કરવાને લઈ જિલ્લાની કચેરીઓમાં ગતિ આવી છે. જો કે ચૂંટણીની આચારસંહિતાને લઈ અટવાયેલા પ્રશ્નો બાજુ પર ધકેલાઈ ગયા છે અને હવે કર્મચારીઓ-અધિકારીઓ આ નવી દિશામાં વ્યસ્ત બન્યા છે.

જિલ્લાઓમાં હજુ વરસાદ ન થયો હોવાથી તંત્ર પણ મુંઝવણ અનુભવી રહ્યું છે કે શું કરવું? પ્રશ્નો વધતા જાય છે તેમજ વયમર્યાદાને લઈ કચેરીમાં નિવૃત્ત થનારાઓની સંખ્યા અને કાર્યભારણ વધી રહ્યું છે.



વાદળાની સંતાકૂકડી : સમી સાંજ થાય ને વાદળો આવે... પાણી ભરીને નથી આવતા પણ નિરાશા ભરીને આવે છે... રોજ વાદળો જોઈને નાનકડી આશા બંધાય હમણાં વરસાદ આવશે અને ધરતી તરસ છીપાવશે... પણ આશા ઠગારી નિવડે છે... માનવ જાત આખી પરમાત્માને પ્રાર્થના કરે છે... હે, ભગવાન હવે કસોટી ન કરે તો સારૂ, તાપ ખૂબ સહન કર્યો.... હવે કૃપા વરસાવો... અબોલ પશુ-પંખીઓ બાપડા પાણી માટે ભટકે છે... પાક સામે પ્રશ્નાર્થો લાગવા માંડ્યા છે... પીવાના પાણીની સમસ્યાઓ વિકરાળ સ્વરૂપ લે એ પહેલા વરસો... (તસવીર : કશ્યપ નિમાવત)

# શિક્ષકોની આંતરિક બદલીઓ ૨૪મીથી ઓનલાઈન થશે

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર સહિત ચાર જિલ્લાઓમાં શિક્ષકોની બદલી માટે ઓનલાઈન સોફ્ટવેર શિક્ષણ વિભાગે તૈયાર કર્યા બાદ હવે તે આગામી ૨૪ મીથી કાર્યરત થશે.

શિક્ષણ વિભાગના સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે ઓનલાઈન ટ્રાન્સફર પહેલાં જિલ્લાની આંતરિક બદલી માટે અમલી બનશે. આ પછી બીજા તબક્કામાં તે જિલ્લાફેર બદલી માટે અમલી બનાવવામાં આવશે.

આ સૂત્રોના જણાવ્યાનુસાર આંતરિક બદલીઓ માટે જિલ્લાઓને જરૂરી સૂચનાઓ આપી દેવામાં આવી છે. આ માટે ૨૪ થી ૨૭ જૂન દરમ્યાન અરજી કરવાની રહેશે. ૨૪મીએ ૧૧ વાગ્યાથી આ સેફ્ટવેર કાર્યરત થઈ જશે.

ઓનલાઈન અરજીઓ મળ્યા

● અનુસંધાન પાન-૭ પર

# ગ્રામસભાનું ક્લેવર બદલવા વિચારણા

## ગ્રામસભાના હાલના ક્લેવરમાં આમૂલ પરિવર્તનના સંકેતો : રજુ થયેલા પ્રશ્નોના નિકાલ માટે અલાયદુ માળખુ રચાશે

ગાંધીનગર, તા. ૨૨

રાજયમાં વધતા જતા શહેરીકરણની સમસ્યાને નાથવા માટે સરકારે હવે ગ્રામસભાઓને વધુ અસરકારક કેવી રીતે બનાવી શકાય અને ગામડાઓને તુટતા કેવી રીતે બચાવવા તેની નવી વ્યૂહરચના તૈયાર કરવા તંત્રને સૂચવ્યું છે.

મળતી વિગતો પ્રમાણે ૨૦૦૧ પછી રાજયમાં શરૂ થયેલી ગ્રામસભાઓના અભિયાનને મળી રહેલા નબળા પ્રતિસાદથી સરકાર ચોંકી ઉઠી છે, તેમજ શહેરીકરણની સમસ્યા પણ દિન પ્રતિદિન વધી રહી છે.

સરકારે આ દિશામાં તાજેતરમાં જિલ્લા કલેક્ટરો અને ડી.ડી.ઓ.ની બોલાવેલી સંયુક્ત બેઠકમાં આ મુદ્દો છેડ્યો હતો. જો કે આ બાબતે સૂચનો એકત્ર કરી અને વિગતવાર નોંધ મોકલવા જણાવી સરકારે તેનુ મન

● અનુસંધાન પાન-૭ પર

# પાટણની રાણકીવાવનો વર્લ્ડ હેરિટેજમાં સમાવેશ

## ગુજરાતની ગૌરવ સિદ્ધિનું વધુ એક સોપાન : યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ કમિટિની બેઠકમાં નિર્ણય કરવામાં આવતા ખુશીનું મોજુ

ગાંધીનગર, તા.૨૨

પાટણની રાણકીવાવને વર્લ્ડ હેરિટેજમાં સમાવેશ કરવામાં આવતા ભારત માટે વધુ એક ગૌરવની વાત રહી છે. ગુજરાતમાં પાટણ ખાતેની રાણકીવાવનો વર્લ્ડ હેરિટેજમાં સમાવેશ કરવાનો નિર્ણય કરવામાં આવ્યા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલે ખુશી વ્યસ્ત કરી છે. મુખ્યમંત્રી આનંદીબેન પટેલે ગુજરાતના પાટણની ઐતિહાસિક રાણકીવાવનો વિશ્વ વિરાસત વર્લ્ડ હેરિટેજમાં સમાવેશ થવાની ઘટના ગુજરાતના ગૌરવ સિદ્ધિના વધુ એક સોપાન સર કરનારી ગણાવી હર્ષ વ્યસ્ત કર્યો છે. આજે દોહા-કતારમાં મળેલી યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ કમિટિના ૩૮માં સત્રમાં ગુજરાતની આ રાણકીવાવનો વિશ્વ વિરાસતમાં સમાવેશ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. ભારત-ગુજરાત સરકારને આ ગૌરવ સિદ્ધિની જાણ થતાં જ વડાપ્રધાન



● અનુસંધાન પાન-૭ પર

# આનંદીબેન પટેલ સરકારનું અંદાજપત્ર પહેલીએ રજૂ થશે

## બજેટ સત્રમાં ઘણા મુદ્દાઓ ઉઠાવાય તેવી વકી : લોકસભાની ચૂંટણીના કારણે ૨૦૧૪-૧૫માં લેખાનુદાન રજૂ કરાયું હતું : ગુજરાતના બજેટને લઇને ભારે સસ્પેન્સ

ગાંધીનગર, તા.૨૨

ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રી આનંદીબેન પટેલ સરકારનું અંદાજપત્ર પહેલી જુલાઈએ રજૂ થશે. લોકસભાની ચૂંટણીને કારણે ૨૦૧૪-૧૫ના વર્ષનું અંદાજપત્ર રજૂ થયુ ન હતું પરંતુ લેખાનુદાન પૂર્વ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની સરકારે રજૂ કર્યું હતુ અને તે વખતે નાણામંત્રી નીતિન પટેલ હતા. ત્યારબાદ લોકસભાની ચૂંટણીમાં ભાજપને સ્પષ્ટ બહુમતિ મળતા નરેન્દ્ર મોદી વડાપ્રધાન બન્યા છે અને તેમના સ્થાને ગુજરાત રાજ્યની સ્થાપના થઈ ત્યારથી પ્રથમ વખત એક મહિલા મુખ્યપ્રધાન આનંદીબેન પટેલની નિમણૂંક થઈ છે. તેમની નિમણૂંક થયા બાદ એક વખત પૂર્વ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની વિદાય માટે એક દિવસ માટે વિધાનસભાનું સત્ર મળ્યું હતું. ત્યારબાદ પૂર્ણ કક્ષાનું અંદાજપત્ર રજૂ કરવા માટે વિધાનસભાનું સત્ર પહેલી જુલાઈથી એક મહિના માટે બોલાવવામાં આવ્યું છે. નાણામંત્રી સૌરભ પટેલ દ્વારા પહેલી જુલાઈએ પૂર્ણ કક્ષાનું ૨૦૧૪-૧૫નું અંદાજપત્ર રજૂ કરવામાં આવશે. કોઈ મહત્વની ચૂંટણી આવતી નહી હોવાથી અંદાજપત્રમાં કોઈ મોટી કર રાહતોની આશા સેવાઈ રહી નથી. વેટના દરો યથાવત રખાય તેવી શક્યતા છે. કોંગ્રેસ પક્ષ વિરોધ પક્ષની ભૂમિકામાં કંઈ ખાસ કાઠૂ કાઢી શકે તેમ નથી. કારણ કે તેમનું સંખ્યાબળ ઘટતું જાય છે. રાજ્યના પ્રથમ મહિલા મુખ્યમંત્રી આનંદીબેન પટેલ બજેટ સત્ર કેવી રીતે સફળતાપૂર્વક પૂર્ણ કરી શકે છે તે માટેની આ કસોટીનો સમય છે.

## NEWS બિટ્સ

### ડીઆરડીઓના અધિકારી ચપ્પાથી ઘાયલ



ડિફેન્સ રીસર્ચ અને ડેવલોપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (ડીઆરડીઓ)ના સુત્રોએ જણાવ્યું છે કે હૈદરાબાદના ચાર મિનાર વિસ્તારમાં તેમના એક સિનિયર અધિકારી આર.કે. સતપતિ એક હુમલામાં ઘાયલ થયા છે. પાકીટમાર કિશોરનો લોકો પીછો કરી રહ્યા હતા ત્યારે આ કિશોરે ડીઆરડીઓના અધિકારીને ચપ્પુ મારી દીધું હતું. તેઓને સ્થાનિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

### પ્રિતિ ઝિન્ટાનું મુંબઈમાં આગમન

છેલ્લા ઘણા દિવસોથી વિવાદમાં રહેલી પ્રિતિ ઝિન્ટા



આખરે વિદેશથી પરત આવી ગઈ છે. બોયફ્રેન્ડ નેસ વાડિયા સામે છેડતીનો આરોપ મુકનાર અભિનેત્રી પ્રિતિ ઝિન્ટાનું નિવેદન હવે સોમવારે અને મંગળવારે પોલીસ નોંધશે. મોટા ભાગે પ્રિતિના નિવાસસ્થાને પોલીસ નિવેદન નોંધશે.

### ભારતમાં લખપતિઓની સંખ્યા વધીને ૧.૫૬ લાખ થઈ

એક અહેવાલમાં



જણાવવામાં આવ્યું છે કે ભારત ૧.૫૬ લાખ લખપતિઓનો દેશ બની ગયો છે. ૨૦૧૩માં વધુ ૩૦૦૦ લોકો આ ભદ્ર વર્ગમાં જોડાયા હતા. આમ, દેશ વિશ્વભરના અતિ ધનાઢ્યોની યાદીમાં સૌથી વધુ ધનિક દેશોની યાદીમાં ૧૬મા ક્રમે આવ્યો છે.

ભાવભીની અંજલિ



સ્વ. વાસુદેવભાઈ એલ. પંડ્યા
સ્વર્ગવાસ તા. ૨૦-૬-૨૦૧૪

પ્રેમભરી પુષ્પાંજલિ
સ્નેહભીની શ્રદ્ધાંજલિ
પ્રભુ, આપના દિવ્ય આત્માને ચિર શાંતિ અર્પે એવી પ્રાર્થના.

લિ.
શ્રી રંગ ડેવલોપર્સ — વીર ડેવલોપર્સ
ચીમનભાઈ પટેલ — શૈલેષભાઈ દોશી
પ્રમુખભાઈ પટેલ — નિમિતભાઈ પટેલ
દિપકભાઈ જયસ્વાલ — યોગેશભાઈ નાયી
તીર્થ સનતકુમાર પંડ્યા — મહાવીર હીલ્સ (કોબા)
તથા સ્ટાફ પરિવાર

LED, LCD & Colour TV રીપેરીંગ
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર
ફોન : ૨૩૨૮૭૧૧૫
મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬,
મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે જાહેરાતનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧



Site : SHIVALAY RESIDENCY, Reliance Infocity Road, Nr.Pramukh Arcade, Kudasan, Gandhinagar.
Project by : S. R. Infrastructure
Exclusive Sales Partner : The Property Shop
Call : 98980 29451
76000 99959
97236 71067

રાષ્ટ્રીય મુક્ત વિદ્યાલયી શિક્ષણ સંસ્થાન
(માનવ સંસાધન વિકાસ મંત્રાલય, ભારત સરકારનું સ્વાયત્ત સંગઠન)
એ-૨૪-૨૫, ઇન્સ્ટીટ્યુશનલ એરિયા, સેક્ટર-૬૨, નોઇડા-૨૦૧ ૩૦૯, ગૌતમ બુદ્ધ નગર (ઉત્તર પ્રદેશ)
વેબસાઇટ: www.nios.ac.in
જલ્દી કરો
તમારું કિંમતી એક વર્ષ બચાવો
NIOS દ્વારા તેના વેબ પોર્ટલ www.nios.ac.in ની મદદથી
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે ઓનલાઇન નોંધણીની સુવિધા
સ્ટ્રીમ-૩ અને ૪ હેઠળ
માન્યતાપ્રાપ્ત બોર્ડના અસફળ વિદ્યાર્થીઓ માટે પરીક્ષા માટે વધુ એક અવસર
જ્યારે તમે ઈચ્છો ત્યારે પરીક્ષા
વર્ષ દરમિયાન ગમે ત્યારે
યોગ્યતા માપદંડ: કોઈપણ માન્યતાપ્રાપ્ત બોર્ડમાંથી શાળાકીય શિક્ષણ અથવા એનાથી વધારે પાસ કરેલ હોય અને તેઓ પોતાની યોગ્યતા વધારવા માંગતા હોય તેઓ મહત્તમ ૪ વિષયો લઈ શકે છે અથવા કોઈપણ માન્યતાપ્રાપ્ત પરીક્ષા બોર્ડ દ્વારા લેવામાં આવેલ માધ્યમિક કે ઉચ્ચ માધ્યમિક જાહેર પરીક્ષાઓમાં અસફળ કે યોગ્યતા હોવા છતાં પરીક્ષા ન આપી શકેલ વિદ્યાર્થીઓ પણ પ્રવેશ લઈ શકે છે. મુખ્ય બોર્ડમાં પસંદ કરાયેલ વિષય સંયોજનમાં જ પ્રવેશ આપવામાં આવશે. પ્રવેશપત્રની સાથે અસલ માર્કશીટ/એડમીટ કાર્ડ જોડવું આવશ્યક છે.
સુવિધાઓ: ટ્રાન્સફર ઓફ ક્રેડીટ (TOC) : જે બે વિષયમાં તમે પાસ હો તેની ક્રેડીટ લઈ શકો છો. એટલે કે આ બે વિષયની ફરી પરીક્ષા આપવાની જરૂર નથી.
પ્રવેશ યોગ્યતા: પ્રવેશ પાંચ વર્ષ સુધી માન્ય.
પરિણામ: અગાઉના મહિને આપેલ પરીક્ષાનું પરિણામ હવે દર મહિને.
ફી ભરવાની વિગત: વિદ્યાર્થીઓ પોતાની ફી ક્રેડીટ કાર્ડ, ડેબિટ કાર્ડ, નેટ બેંકીંગ, 'સચિવ, એનઆઈઓએસ'ની તરફેણમાં નોઈડામાં ચૂકવવાપાત્ર કોઈપણ રાષ્ટ્રીયકૃત બેંકના બેંક ડ્રાફ્ટ દ્વારા જમા કરાવી શકે છે.
અનઅધિકૃત સંસ્થા તથા એજન્ટ દ્વારા પ્રવેશ મેળવશો નહિં
www.nios.ac.in ... ૧૮૦૦-૧૮૦-૯૩૯૩
સ્ટ્રીમ-૨ના સંદર્ભમાં ઓનલાઇન પ્રવેશ તા. ૨૦-૫-૨૦૧૪ થી ૨૦-૭-૨૦૧૪ સુધી માન્ય છે. પરીક્ષા ઓક્ટોબર ૨૦૧૪માં લેવાશે.
વિશ્વની સૌથી મોટી મુક્ત વિદ્યાલયી શિક્ષણ પ્રણાલી !!